## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



...યાત્રામાં મોડે સુધી રહીશ... એટલે વાઇફને ખબર પડે કે હું કાનજીમાં શ્રદ્ધા ધરાવું છું... જેથી સાતમ આઠમનાં તારા બોર્ડમાં મોડે સુધી રમવા આવી શકું...!!

# ૧૦ ગામોમાં ૧૫૦થી વધુ પ્રશ્નો રજુ થયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે એક સાથે ૧૦ ગામોમાં યોજાયેલા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ પ્રશ્નો રજુ થયા હતા. આ પ્રશ્નોમાં વૈવિધ્યતા સાથે અધિકારીઓએ ગામની મુલાકાત લઈ અને તેના નિકાલની યોગ્ય ખાત્રી આપી હતી.

વાવોલ ખાતે આજે યોજાયેલ લોકસંવાદ સેતુમાં ગામના વિકાસની સાથે અહિ અલાયદી પોલીસ ચોકી શરૂ કરવાની માંગ તેમજ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, ગટરલાઈનના જોડાણ, ગ્રામ્ય તળાવના વિકાસ માટે અને પંચાયતમાં વધેલા કાર્યભારણને લઈ વધુ એક તલાટીની નવી જગ્યા ઉભી કરી નિમણુંક આપવા સહિત ૨૭થી વધુ પ્રશ્નો રજુ થયા હતા.

આ લોકસંવાદ સેતુમાં ગામમાં ગંદકીના થર અને વારંવાર થતી વીજળી કોરણના મુદ્દે ગ્રામજનોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

ગિયોડ ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં અધિક નિવાસી જિલ્લા કલેક્ટર કાલરિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની ટીમ ગઈ હતી જ્યાં ૧૭ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

ગામમાં પંચાયત ઘર જુનુ થઈ ગયુ હોવાથી તેના નવા નિર્માણ માટે, બી.પી.એલ.ની યાદીને લઈ પણ પ્રશ્નો રજુ થયા હતા તેમજ આ પરિવારોને તાત્કાલિક ગેસ જોડાણ મળે તે માટે, શાળામાં બાળકોને પેયજળ માટે નાનકડી ટાંકી બનાવવા, સિંચાઈનું પાણી બારમાસી આપવા, રિટર્ન બસની સુવિધા નહિ હોવા અંગે, ગામમાં નવી પેયજળની ટાંકી બનાવવા, પશુપાલન અહિ વધુ હોવાથી પશુ દવાખાનુ શરૂ કરવાની બાબતે ગ્રામજનોએ રજુઆત કરી ખેતરમાં રહેતા પરિવારોને તાત્કાલિક વીજ જોડાણ મળે તેવી માંગ કરી હતી.

લોદરા ખાતેના ગ્રામસંવાદ સેતુમાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયશ્રી દેવાંગન, જિલ્લા પોલીસ વડા યાદવ, સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ ગામે લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માટે, પાણીની પાઈપલાઈન માટેનો પ્રશ્ન પણ રજુ થયો હતો.

જિલ્લા કલેક્ટરે વાસ્મોને તાત્કાલિક સર્વે કરી અને કામગીરી શરૂ કરવા તંત્રના અધિકારીઓને જણાવ્યુ હતુ. આ ગ્રામસંવાદ સેતુ કાર્યક્રમમાં તળાવમાં પાણી ભરવા અંગેનો મુદ્દો પણ રજુ થયો હતો. ગામની મધ્યમાંથી પસાર થતા ભારે વાહન પસાર થાય છે તે રોકવા માટે પણ રજુઆત થઈ હતી. વેટરનરી તબીબની હાજરી અંગે, આધાર કાર્ડ કેમ્પ યોજવા અંગે પણ રજુઆત કરી હતી.

અંબાપુર ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ સામે ગ્રામજનોએ જંત્રીના ભાવો ઘણા ઊંચા હોવાની રજુઆત સાથે રિસર્વે આ માટે કરવામાં આવે તેવી તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી.

આ ગ્રામજનોએ ગામમાં આવેલી ઐતહાસિક વાવને હેરિટેજ વાવનો દરજ્જો મળે તેવી માંગ કરી હતી. આ ઉપરાંત ગ્રામજનોએ તલાટીની નિમણુંકનો મુદ્દો પણ રજુ કર્યો હતો.

લીમ્બડીયા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાતથી વધુ પ્રશ્નો રજુ થયા હતા જેમાં ૭/૧૨ના ઉતારાની નકલ ગ્રામ્ય કક્ષાએથી જ મળે, નિયમિત વીજપુરવઠો મળે તેના સહિતના પ્રશ્નો હતા.

**વાવોલમાં પોલીસ ચોકી શરૂ કરવા, વીજ પુરવઠો નિયમિત મળે તે માટે, તો અંબાપુરમાં જંત્રીના વધુ પડતા ભાવોને લઈ રિસર્વે માટે, લોદરામાં ગામની મધ્યમાંથી પસાર થતા ભારે વાહનો પ્રતિબંધિત કરવા સહિતના વૈવિધ્યસભર પ્રશ્નો તંત્ર સમક્ષ રજુ થયા**

## ખૂણે ખાંચરેથી...

- આજે ૧૦ ગામોમાં યોજાયેલ ગ્રામસંવાદ સેતુને પગલે જિલ્લા કચેરીઓ ખાલી ખાલી લાગતી હતી.
- સંકલિત મહિલા બાળ વિકાસની સેવિકા બહેનોની બદલી માટે કેમ્પમાં ઓર્ડર મેળવી હવે બદલીઓ બંધ રખાવવા કર્મચારીઓ રાજકીય દબાણ ઉભુ કરી રહ્યાને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. રાજકીય દબાણ બદલીમાં સાંખી નહિ લેવાની સરકારની નીતિનું ઉલ્લંઘન કરનારાઓ સામે શિસ્તભંગની કાર્યવાહી થવી જોઈએ તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.
- ગાંધીનગર શહેરમાં રથયાત્રાના પર્વને લઈ નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.
- મેલેરિયા નાબુદીની દિશામાં ચાલી રહેલી રાજ્યમાં કામગીરીની સમીક્ષા ભારત સરકારની ટીમે ગાંધીનગર જિલ્લાની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે સંચારી રોગ અંગેની સમીક્ષા બેઠક કમિશનરના અધ્યક્ષપદે યોજાઈ હતી.
- રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી આજે અડાલજ જવાના છે.

# સિદ્ધાર્થ લૉ કૉલેજમાં એડમીશનના મામલે ભ્રષ્ટાચારના આક્ષેપો

## એનએસયુઆઈએ સિધ્ધાર્થ લો કોલેજમાં મેનેજમેન્ટ કવોટાની બેઠક રૂ.૨૫૦૦૦માં ભરાતી હોવાના આક્ષેપ સાથે આચાર્યને રજુઆત કરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે આવેલ સિધ્ધાર્થ લો કોલેજમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકોમાં મોટાપાયે ગેરરીતી થતી હોવાનો આક્ષેપ એનએસયુઆઈએ કરીને કોલેજના આચાર્યને આ અંગે રજુઆત કરી છે. શહેરની સિધ્ધાર્થ લો કોલેજમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે રૂ. ૨૫૦૦૦ લાવો અને પ્રવેશ મેળવો તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. સંસ્થાએ સરકારી કાયદાનો ભંગ કરીને નિયમોની ઐસી તૈસી કરીને શિક્ષણનું વ્યાપારીકરણ કર્યું છે. જયારે વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરનાર સંસ્થા સામે યોગ્ય કાર્યવાહી કરીને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે માંગ કરી છે.



ગાંધીનગર સેકટર-૧૬ ખાતે આવેલ સિધ્ધાર્થ લો કોલેજ ૩૦૦ બેઠકો ધરાવે છે. જેમાં ૨૨૫ ચાલુ પ્રક્રિયા પ્રણાણે તથા ૭૫ બેઠકો મેનેજમેન્ટ કવોટાની ભરવાની હોય છે. તેમા સંસ્થા દ્વારા જાહેરનામું બહાર પાડી ને દૈનિક અખબારમાં જાહેરાત સ્વરુપે આપવાની હોય છે.જેનું પાલન કરવામાં આવેલ નથી તેમજ કોલેજ દ્વારા સર્વોચ્ચ અદાલતના નિર્દેશને કોરાણે મુકીને શિક્ષણનું વ્યાપારીકરણ કર્યુ છે. પ્રતિ વિદ્યાર્થી રૂ.૨૫૦૦૦ રૂપીયા માંગવામાં આવે છે. દેશના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડા કરવામાં આવ્યા છે.

જે તે કોલેજ સંસ્થાએ મેનેજમેન્ટ કવોટાની બેઠક ભરતા નોટીફિકેશન બહાર પાડવાનું હોય છે ત્યારબાદ મેરીટ પ્રમાણે બેઠક ભરવાની રહે છે.ત્યારે નિયમોનું ઉલ્લંઘન થતા મેનેજમેન્ટ કવોટાની બેઠકોમાં ગેરરીતીની થતી હોવાના આક્ષેપો એનએસયુઆઈએ કર્યા છે. અને આ અંગે સંસ્થાના આચાર્યને યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી છે.

# પંચદેવ મંદિરથી સે. ૨૧નાં માર્ગ પરના દબાણો હટાવી દેવાયા

## વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા દબાણો આખરે દૂર કરાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં સે. ૨૪, સે. ૭, સે. ૨૩, સે. ૨૨ પંચદેવ મંદિરથી સે. ૨૧ અને સે. ૨૧ અડચણરૂપ આ દબાણોને હવે મનપા કમિશનરે ટાર્ગેટ બનાવ્યા છે. આ દબાણો તબક્કાવાર દૂર કરવા મહેશ મોડને સુચના આપવામાં આવતા દબાણ હટાવી લેવા સુચનાઓ આપી દીધી હતી તેમ છતાં કોઈ દબાણકર્તાઓનું પેટનું પાણી હલ્યુ ન હતુ. પહેલા જેમ સાહેબો આવતા ગયા હતા અને તમામ દબાણ કર્તાઓના તંબુઓ ઉખાડી નાંખ્યા હતા. તાડપત્રીઓ, મેટીંગ, લાકડાના બાંબુઓ સહિતનો સામાન્ ઉખાડીને





શાકમાર્કેટ આસપાસના વિસ્તાર એવા છે જે સમી સાંજથી રાત્રી દરમ્યાન દબાણોથી ઘેરાઈ ગયા હોય છે. ત્યાંથી પસાર થવા માટે પણ વાહનચાલકોને મુશ્કેલીઓ પડે તેવા આજે સે. ૨૨ પંચદેવ મંદિરથી સે. ૨૧ના માર્ગ પરના દબાણો હટાવી દઈ સપાટો બોલાવ્યો હતો.

સવારે ઓફીસર મહેશ મોડે આ દબાણ કર્તાઓને બપોર સુધીમાં હતા અને કહીને ચાલ્યા જતા હતા તેમ આ સાહેબ પણ જતા રહેશે તેવુ માનીને દબાણકર્તાઓએ કોઈ સામાન પણ ખસેડ્યો ન હતો. બપોરે ટીમ સાથે મહેશ મોડ ત્યાં પહોંચી વાહનમાં ભરી દઈ જપ્ત કરી દેવામાં આવ્યો હતો. તંત્રની આ કડક કાર્યવાહી વાયુવેગે વેપારીઆલમમાં પ્રસરી જતા અન્ય દબાણકર્તાઓમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# નગરમાં રથયાત્રા ક્યાં-ક્યારે...?

| | | |
|---|---|---|
| શ્રી પંચદેવ મંદિર | સેક્ટર-૨૨ | પ્રયાણ |
| શોપીંગ સેન્ટર, શ્રી વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર | સેક્ટર-૨૨ | ૭.૦૫ |
| ૧૭-૨૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૭ | ૭.૨૦ |
| શ્રી હનુમાનજી મંદિર | સેક્ટર-૧૭ | ૭.૩૦ |
| વાયા નાગરિક બેંક શોપિંગ સેન્ટર, શ્રી બાલાજી મંદિર | સેક્ટર-૧૬ | ૮.૦૦ |
| યુથ હોસ્ટેલ, સરકારી કોલેજ વાયા મહાત્મા મંદિર | સેક્ટર-૧૫ | ૮.૩૦ |
| શ્રી લિંબચ માતા મંદિર-શોપીંગ સેન્ટર | સેક્ટર-૧૩ | ૯.૦૦ |
| શોપીંગ સેન્ટર, શ્રી ઉમિયાધામ, બલરામ મંદિર, વિશ્વકર્મા મંદિર નજીકના ચાર રસ્તા | સેક્ટર-૧૨ | ૯.૧૫ |
| શ્રી ભુવનેશ્વર મહાદેવ-સંત રોહિદાસ મંદિર (માત્ર રથ) | સેક્ટર-૬ | ૯.૩૫ |
| ૬/૩ અને ૭/૨ થઈને શોપીંગ સેન્ટર | સેક્ટર-૭ | ૧૦.૧૫ |
| સેક્ટર-૮, શોપીંગ સેન્ટર | સેક્ટર-૮ | ૧૦.૩૦ |
| એરફોર્સ, પોલીસ ભવન, આંકડા બ્યુરો, નવા સચિવાલય | સેક્ટર-૯/૧૦ | ૧૧.૦૦ |
| પુછપરછ કચેરી અને ઘ-ટાઈપના મકાન | સેક્ટર-૧૯ | ૧૧.૩૦ |
| ચિલ્ડ્રન યુનિવર્સિટી થી અક્ષરધામ | સેક્ટર-૨૦ | ૧૧.૪૫ |
| સેક્ટર-૩૦ ચાર રસ્તા, શ્રી ગુરૂદ્વારા | સેક્ટર-૩૦ | ૧૨.૧૦ |
| સોપીંગ સેન્ટર, જાગૃતિપાર્ક | સેક્ટર-૩૦ | ૧૨.૨૫ |
| વિસામો - શ્રી જલારામ મંદિર | સેક્ટર-૨૯ | ૧૩.૩૦ થી ૧૫.૦૦ |
| વિશામા બાદ પુનઃ પ્રયાણ | સેક્ટર-૨૯ | ૧૫.૦૦ |
| શ્રી દત્ત મંદિર (વાયા બાલોદ્યાન) | સેક્ટર-૨૮ | ૧૫.૨૦ |
| શ્રી સોમેશ્વર મંદિર (એસઆરપી), શ્રી શિવશક્તિ મંદિર | સેક્ટર-૨૭ | ૧૫.૫૦ |
| શ્રી સાંઈબાબા ચોક-સહકાર કોલોની | સેક્ટર-૨૪/૨૭ | ૧૬.૧૫ |
| સેક્ટર-૨૪/૨૫, આદર્શનગર શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૪ | ૧૬.૩૫ |
| શ્રી આર્ય સમાજ મંદિર | સેક્ટર-૨૪ | ૧૬.૫૫ |
| ભારતનગર, ઈન્દીરાનગર, પાઠ્યપુસ્તક મંડળ | સેક્ટર-૨૪ | ૧૭.૧૦ |
| શ્રી સ્વામિનારાયણ મંદિર | સેક્ટર-૨૩ | ૧૭.૩૦ |
| શોપીંગ સેન્ટર | સેક્ટર-૨૩ | ૧૭.૪૦ |
| શ્રી આયુર્વેદ હોસ્પિટલ, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ | સેક્ટર-૨૨ | ૧૮.૧૦ |
| ૨૨/૨૯, ચ-૬, શ્રી વૈજનાથ મહાદેવ | સેક્ટર-૨૧ | ૧૮.૨૦ |
| જીલ્લા પુસ્તકાલય, શાકમાર્કેટ, શ્રી અંબાજી મંદિર | સેક્ટર-૨૧ | ૧૮.૪૦ |
| શ્રી પંચદેવ મંદિર પરત | સેક્ટર-૨૨ | ૧૯.૩૦ |

## આજે સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૬મી જન્મ તિથી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ, બુધવાર તા. ૬ જુલાઈએ રાષ્ટ્રભકત સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૬મી જન્મજયંતિએ વિધાનસભા પોડિયમમાં સદ્ગતના તૈલચિત્ર સમક્ષ આદરાંજલિ અર્પણ કરશે. શ્રીમતી આનંદીબહેન આવતીકાલે સવારે ૮ કલાકે વિધાનસભા પોડિયમમાં ઉપસ્થિત રહીને વિધાનસભા અધ્યક્ષ ગણપત વસાવા સાથે સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીને તેમની જન્મજયંતિએ ભાવાંજલિ આપવા જોડાશે.

## રમઝાન ઈદ પર્વની શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સૌ મુસ્લિમ પરિવારો-નાગરિકોને રમઝાન ઈદના અવસરે ઈદ મુબારક શુભેચ્છાઓ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેને આ પવિત્ર પર્વ સમાજજીવનમાં સુખ-શાંતિ-આપસી પ્રેમ અને સદભાવનાનું દ્યોતક બની રહે તેવી મંગલકામનાઓ રમઝાન ઈદે વ્યકત કરી છે. તેમણે મુસ્લિમ બિરાદરોને શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું છે કે, સામાજીક સૌહાર્દ અને એકતા બંધુત્વ ભાવથી આ પર્વની ઉમંગ ઉજવણીથી ગુજરાતની ગતિશીલ વિકાસયાત્રાને નવી ઊંચાઈ પ્રાપ્ત થશે.

# અછત સમિતિની બેઠકમાં અછત અંગે સમીક્ષા કરાઈ

ગાંધીનગર, તા. ૫

રાજ્ય અછત સમિતિની આજે મળેલી બેઠકમાં અછતની સમીક્ષા કરવામાં આવી હતી.

ગત વર્ષે અપુરતો વરસાદ થતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણી અને ઘાસચારાની અછત ઉભી થતાં રાજ્ય સરકારે મંત્રીઓની એક અછત સમિતિની રચના કરેલ. આ સમિતિએ ૯૦૦થી વધુ ગામોમાં અર્ધઅછત જાહેર કરવામાં આવેલા.

રાજ્યની અછત સમિતિની દર અઠવાડીયે બેઠક બોલાવવામાં આવતી હતી અને અછતની સમીક્ષા હાથ ધરવામાં આવતી હતી.

આ વર્ષે રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ચોમાસુ શરૂ થવા પામ્યુ છે અને આ વિસ્તારોમાં સારો વરસાદ થવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્યની અછત સમિતિની બેઠક મળી હતી. જેમાં અગાઉ જાહેર કરવામાં આવેલા અર્ધઅછત ગામોમાં કેટલો વરસાદ થયો છે કે નથી થયો એ અંગેની વિગતો મેળવીને આ ગામોમાં અર્ધઅછતના કામો ચાલુ રાખવા કે નહી તે અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

# સેક્ટર-૪/ડીમાં ગાંડા બાવળ દૂર કરવા માંગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા સેકટર-૪માં વૃક્ષોના ટ્રીમીંગ તથા ગાંડા બાવળના વૃક્ષો કાપવા માટે વન વિભાગને વિનંતી કરાઈ છે. આ વિસ્તારમાં વધી ગયેલા ગાંડા બાવળને કારણે ગંદકી ફેલાઈ રહી હોવાનો તેમજ રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થવાથી તેમણે આ અંગે વિનંતી કરતો પત્ર ગાંધીનગરના નાયબ વન સંરક્ષકને લખ્યો છે.

સેકટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ પાસેની મોટી પડતર જમીનમાં તથા સે-૪-ડી વગેરે સ્થળે ગાંડા બાવળ વધી જવાથી આસપાસની ઝુંપડપટ્ટીના શ્રમજીવીઓ તેનો શૌચાલય જવા માટે ઉપયોગ કરી રહ્યા છે. આ સાથે ચોમાસાની સીઝન હોઈ અહીં ગંદકી ફેલાવાની તથા તેના કારણે રોગચાળો ફેલાવાની દહેશત હોઈ આ ગાંડા બાવળને કાપી દૂર કરવા કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ ગાંધીનગરના નાયબ વન સંરક્ષકને વિનંતી કરતો પત્ર લખી સત્વરે આ કાર્ય પતાવવા અનુરોધ કર્યો છે.

## મામલતદાર અર્જુન વણઝારા લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા અર્જુન વણઝારાએ લાંચ માંગી હોવાની ફરિયાદ વડોદરા એલસીબીને મળતા આજે એસીબીએ ટ્રેપ ગોઠવીને ૭૫ હજારની લાંચ સ્વિકારતા અર્જુન વણઝારાને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. અર્જુન સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી ઈન્વેસ્ટીગેશન શરુ કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં ભગવાન જગન્નાથજીની ૩૨મી રથયાત્રાનું ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ દ્વારા સેક્ટર-૨૩ ખાતે સાંજે ૫.૦૦ કલાકે ભવ્ય સ્વાગત કરશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ તેમજ જિલ્લા પંચાયતના હોદ્દેદારો, ધારાસભ્યો અને કોંગ્રેસના આગેવાનો દ્વારા સેક્ટર-૨૩ શોપિંગ સેન્ટર ખાતે સાંજે ૫.૦૦ કલાકે રથયાત્રાનું સ્વાગત સમયે ઉપસ્થિત રહી રથયાત્રાનું સ્વાગત કરશે, તદુપરાંત પેથાપુર, માણસા, કલોલ, દહેગામ ખાતે પણ તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિઓ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું સ્વાગત કરશે. જે પ્રસંગે સ્થાનિક કોંગ્રેસ કાર્યકરો-આગેવાનોએ મોટી સંખ્યામાં રથયાત્રાનું સ્વાગત કરવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે અનુરોધ કર્યો છે.

## કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતના નવનિયુક્ત ત્રણ મંત્રીઓને મુખ્યમંત્રીની શુભેચ્છા

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કેન્દ્રીય મંત્રીમંડળમાં નવા વરાયેલા ગુજરાતના ત્રણ મંત્રીઓ સર્વ પુરૂષોત્તમભાઈ રૂપાલા, મનસુખભાઈ માંડવીયા અને જશવંતસિંહ ભાભોરને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ આ નવનિયુકત મંત્રીઓને શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું છે કે, રાજ્યની ગતિશીલ વિકાસયાત્રામાં તેમના માર્ગદર્શન અને યોગદાનથી સૌના સાથ સૌના વિકાસની નેમ સાકાર કરવામાં નવું બળ મળતું થશે.

## સમસ્ત બ્રહ્મ પરિવાર દ્વારા દ્વિતીય જીવનસાથી પસંદગી સંમેલન

સમસ્ત બ્રહ્મપરિવાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા દ્વિતીય જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના સૌથી મોટા બ્રાહ્મણ જીવનસાથી સંમેલનમાં ૫૦૦૦ યુવતીઓનું વિનામુલ્યે અને ૭૫૦૦ યુવકોનું રજીસ્ટ્રેશન રૂ. ૧૦૦ આપીને કરવામાં આવશે. સંખ્યા પૂર્ણ થતા રજીસ્ટ્રેશન બંધ થશે. વેબસાઈટ www.hellobrahman.com પરથી ફોર્મ ડાઉનલોડ કરી ભરી શકાશે. ગાંધીનગરના ફોર્મ બ્રહ્મભવન, સે. ૧૬ ખાતેથી મેળવી શકાશે તથા પરત કરી શકાશે. વધુ વિગત માટે ફોન નં. ૯૩૭૬૧૩૧૬૦૩ પર સંપર્ક કરવા જણાવાયુ છે.